ડુમસના સ. નં. ૭૫૨ પૈકી પૂર્વ તરફની અડધી જમીનના વેચાણ બાબતે જાહેર નોટીસ

મોજે ડુમસના સરવે નંબર ૭૫૨ વાળી, ૧૦૧૧૭ સ. ચો. મી., ટી. પી. સ્કીમ નંબર ૮૨ (ડુમસ) ના અંતિમ ખંડ નંબર ૭૯ વાળી ૬૫૦૦ સમચોરસ મીટર બીનખેતીની જમીન મહેસુલી રેકર્ડ ઉપર હરેશકુમાર કરમશીભાઈ ઠુમર તથા રમેશભાઈ મૂળજીભાઈ ઠુમર (એચ.યુ.એફ.ના કર્તા) ના નામે ચાલે છે. મજકુર જમીનને લગતા જૂના દસ્તાવેજમાં તા. ૧૩/૦૫/૨૦૨૪ નો નોંધણી નંબર ૪૯૦૦ નો અસલ દસ્તાવેજ તથા તેની રજીસ્ટ્રેશન પાવતી ગેરવલ્લે થયેલી હોવાથી મળી આવતી નથી તેમ જણાવી, તેઓએ સદરહુ જમીન પૈકી પૂર્વ તરફની અડધી જમીન મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુક્ત રીતે વેચાણ આપવાની કબુલાત આપી છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી તપાસ આધારે મારા અસીલને ટાઈટલ બાબતે અભિપ્રાય આપવામાં આવશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

હિતેશ લાયવાલા (એડવોકેટ)
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ,સુરત.

:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટી **મોજે ગામ ઉમરા**ના રે.સર્વે નં ૪૦/૧, સબ પ્લોટ નં ૧૫, ૧૬, ૨૧ અને ૨૨ વાળી જમીનો જેનુ સુમારે ક્ષેત્રફળ ૧૦૩૬.૮૮ સમ ચોરસ મીટર છે જેને ટી.પી સ્કીમ નં. ૫ (ઉમરા-નોર્થ) લાગુ પડતા ઓપન પ્લોટ નં ૪૯/૩ અને ફાઇનલ પ્લોટ નં ૧૦૮ આપવામાં આવેલ છે તે જમીન ઉપર બાંધવામાં આવેલ **સૂર્ય મંજરી ફ્લેટ** ના નામથી ઓળખાતી ઇમારત પૈકી **બી વિંગ બિલ્ડીંગ નં ૨ ના બીજા માળ ઉપર** આવેલ **ફ્લેટ નં ૨૦૨/૨, જે ૨૦૨/૨-બી** તરીકે પણ ઓળખાય છે તે મિલકત **જેનુ સુમારે ક્ષેત્રફળ ૬૬૧.૦૦ ચોરસ ફુટ યાને ૬૧.૪૩ ચોરસ મીટર** ક્ષેત્રફળ વાળી મીલક્ત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત મોલક્તના માલોક **(૧) પ્રતિક કિરીટકુમાર ગજીવાલા**એ સદરહુ મીલક્ત મારા અસીલોને વેચાણ આપવાનુ નકકી કરેલ છે, આથી સદર મીલક્ત બાબતે કોઇ પણ શખ્સ, સસ્થા કે અન્ય કોઇના કોઇ પણ પ્રકારના હકક, હિત, હિસ્સો, સબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાધો, હરકત હોય તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન-૦૭** મા હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમા જાણ કરવી, જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સસ્થાનો કોઇ પણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સબધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર મિલકતનો પાકા રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઇની કોઇ પણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી. **સ્થળ: સુરત, તા: ૧૩ /૧૧/૨૦૨૫**

ઓ : એલ/૨૪,૨૫, સીલ્વર પોઈન્ટ, ભટાર રોડ, વિદ્યાભારતી સ્કુલની સામે, સુરત. મો.નં: ૯૮૨૪૧૩૫૦૩૫.
મારી મારફત : દિપક એન. પ્રજાપતી
એડવોકેટ એન્ડ નોટરી

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)
CIN : L65110TN2014PLC097792
રજીસ્ટર્ડ ઓફિસ : કેમ્બ્રાએમ ટાવર્સ, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ–૬૦૦૦૩૧
ટેલી. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

સુધારો

ગુજરાતમિત્ર સુરત આવૃતિ માં તા. ૧૧.૧૧.૨૦૨૫ ના અંકમાં છપાયેલ કબજા નોટીસ ની નોટીસ માં દેવાદાર અને સહદેવાદાર ૧. એસ.કે.નરોલા ૨. કોમલબેન સંદીપભાઈ નરોલા ના સંદર્ભમાં દરેક વાચક ને જાણ કરવાની કે તારીખ અને કબજા ની કોલમ માં 'કબજો' ની જગ્યાએ ભૂલથી પ્રત્યક્ષ કબજો દર્શાવેલ છે.
નોટીસ ની અન્ય વિગતો જેમ છે તેમ રહેશે

સહિ/–
તારીખ : ૦૫.૧૧.૨૦૨૫ — **અધિકૃત અધિકારી,**
સ્થળ : સુરત — **આઈડીએફસી ફર્સ્ટ બેંક લીમીટેડ**
લોન એકાઉન્ટ નં.– ૧૩૭૦૮૭૧૧ ૧૨૯૮૧૧૪૦ : ૧૪૨૪૪૦૮૭ — **(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ અને આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી)**

મહે. સુરતના ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ એન્ડ એડી. સીની. સીવીલ જડજ સાહેબની કોર્ટમાં.

અરજદારઃ ઉદય હેમતકુમાર જોષી, વિગેરે — CMA SC નં.૮૨/૨૦૨૫
રહે. બી-૬૦૨, શ્રી મરૂધર રેસીડેન્સી, ગ્રીનસીટી રોડ, પાલ, સુરત.
વિરૂધ્ધ — **અરજદારના વકીલ શ્રી સી.એમ.પરમાર**

સામાવાળા : કોઈ નહી

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારોએ મર્હુમ નોશિર સોરાબજી ડભોઈવાલા એ તેમની સ્થાવર તેમજ જંગમ મિલકત અંગે તા.૦૨/૦૧/૨૦૧૮ ના રોજ વીલ કરેલું, ત્યારબાદ વિલમાં ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થતા કરેલ વીલને કાયમ રાખી તા.૦૫/૦૨/૨૦૨૦ ના રોજ કોડિસિલ કરેલું જે વીલ મરનારનું છેવટનું આખરી વીલ જે અંગેનું પ્રોબેટ સર્ટીફીકેટ મેળવવા કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.

આ અરજી. વિરુધ્ધ જો કોઈને વાંધો હોય તો તેઓ એ જાતે અથવા વકીલ મારફતે તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નામદાર સુરતના ચીફ જ્યુડિશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે જેની નોંધ લેવી.

આજ તા.૦૩/૧૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિકકો	હુકમથી
(વી.વી.ગોપાણી)	(એન.એમ.મકવાણા)		(આર.કે.પરમાર)
આસીસ્ટન્ટ	સુપ્રિટેન્ડન્ટ		ચીફ જ્યુડિશીયલ મોજસ્ટ્રેટ કોર્ટ સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ સબ-ડીસ્ટ્રીકટ પલસાણા તાલુકાનાં મોજે ગામઃ એના નાં બ્લોક નંબરઃ ૨૮૭/બ/૨, સર્વે નંબર : ૨૧૨, જેનું સુમારે કુલ ક્ષેત્રફળ હે-આરે-ચો.મી. ૦-૨૩-૮૮ છે જેનો આકાર રૂા.૩.૭૫, ખાતા નંઃ ૧૩૭૨ થી નોંધાયેલ જુની શરત વાળી સમગ્ર જમીન તેના લાગતા વળગતા અંદરના તથા બહારનાં તમામ હકકો સહિત, સદર જમીનના કુલ, સ્વતંત્ર માલીક મુખત્યાર નામે કિશોરભાઈ કાનજીભાઈ ઘાડીયા નાઓએ પોતાની કુલ સ્વતંત્ર માલીકી તેમજ પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી મારા અસીલ ને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવતા પહેલા તેમજ કાયદેસરનાં પાકા લખાણો તથા પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરતા પહેલા આ જાહેર નોટીસ થકી સદરહું જમીનમાં કોઈ પણ હકક-હિત-હિસ્સો ધરાવનાર વ્યકિતઓ યા સંસ્થાનાં કોઈ પણ પ્રકારનાં લાગ-ભાગ હકક-હિત-હિસ્સા, વંશ વાલી વારસોના સબંધ, સંસ્થા તેમજ કોઈનો કોઈ પણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઈ પણ દર-દાવો હોય તો તે અંગેનાં લેખીત તેમજ દસ્તાવેજી પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં નીચે જણાવેલા સરનામે રજુ કરી ખાતરી કરાવવી. અન્યથા જો તેમ કરવામાં કશુર કરશો તો સદરહું મીલકત ઉપર કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હકક-હિત-હિસ્સો, તેમજ કોઈનો કોઈ પણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા કોઇ પણ દર-દાવો નથી કે સબંધ નથી તેમ ગણી અગર હોય તો વેવ કરેલ છે યાને છોડી દીધેલ છે, તેમ ગણી મારા અસીલ સદરહું મીલકતનો પુરેપુરો વેચાણ અવેજ ચુકવી કાયદેસરનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારબાદ તેમાં કોઇની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહિ અને કરવા-કરાવવામાં આવશે તો રદબાતલ ગણવાની રહેશે અને થશે તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૧૪/૧૧/૨૦૨૫ — અમારી સુચનાથી કિશોરભાઈ કાનજીભાઈ ઘાડીયા

ઓ.૧૫૮, સિલ્વર પ્લાઝા, હલધરૂ પાટીયા, મુ.પો.બગુમરા, તા. પલસાણા, જી.સુરત મો.નંઃ- ૯૦૩૩૧ ૧૯૮૬૨
દિલીપ એન.પરમાર
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે જાહેર નોટીસ
સચીન ઉદ્યોગનગર સહકારી મંડળી લિ. માં આવેલ પ્લોટ નં. ઈ–૯/૧૮ બાબતે..

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ચોર્યાસી, મોજે ગામ સચીન / લાજપોર / પોપડા / ભાટીયા / વાંઝના વિસ્તારમાં આવેલ **સચીન ઉદ્યોગનગર સહકારી મંડળી લિ.** ની જમીનો પૈકી **મોજે ગામ લાજપોર** ના બ્લોક નં. ૨૧૫ વાળી બિનખેતીની જમીનમાં ઔદ્યોગિક હેતુ માટે પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ઈ–૯/૧૮** તથા મંડળીના **શેર સર્ટીફીકેટ નં.૨૩૧૭ થી પાંચ(૫) શેર** સહિતના એકલા એલોટી/માલીક કબજેદાર મંડળીના સભાસદ તરીકે દિનેશભાઈ રણછોડભાઈ પટેલ (ડોબરીયા) તથા મયુરભાઈ જાદવભાઈ વાગડિયા ચાલી આવેલ હોવાનું અને સદરહુ પ્લોટના ટાઈટલ ચોખ્ખા માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ સદરહુ પ્લોટ અમારા અસીલને વેચાણ / ટ્રાન્સફર આપવાનું નકકી કરેલ છે. આથી સદર પ્લોટ ઉપર કોઈનો કોઈપણ જાતનો ચાર્જ, બોજો, લીયન યા લાગભાગ, હકક હિત હિસ્સો યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના આધારભુત પુરાવા દિન : ૭ માં નીચેના ઠેકાણે રજુ કરવા, અન્યથા સદરહુ પ્લોટ ઉપર કોઈનો કોઈપણ ચાર્જ, બોજો, લીયન વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે યાને વેવ કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક માનીને સદરહુ પ્લોટના કાયદેસરના લખાણો તથા રજી.દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર–તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૪/૧૧/૨૦૨૫
ઠેકાણું : બ્રી/૭૦૭–૭૦૮, તિરૂપતિ પ્લાઝા, ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.
અજય એમ. રાજપૂત
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતાં વળગતાં સર્વેને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, **સુરત** જીલ્લાના **મજુરા** તાલુકાના **અલથાણ** ગામ **સર્વે નં. ૮૧/૨, બ્લોક નં. ૧૦૧** વાળી જમીન જેનો **ટી.પી.સ્કીમ નં. ૩૬, ફાયનલ પ્લોટ નં.૪૦** વાળી બિનખેતીની જમીનમાં આવેલ **ગાયત્રીનગર**ના નામે ઓળખાતી સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **"બી"** – ટાઈના **પ્લોટ નં. ૮૨, ક્ષેત્રફળ ૭૩.૦૦ ચો.મી.**વાળો પ્લોટ કે જેનો સુરત મહાનગર પાલીકા દ્વફતરે **ટેનામેન્ટ નં.033A-11-5771-0-001** ચાલી આવેલ છે, જે અન્વયે બાંધકામનું ક્ષેત્રફળ **૧૩૯.૦૮ ચો.મી.** ચાલી આવેલ છે તેમજ સોસાયટીના રસ્તા તથા સી.ઓ.પી.ના ૪૦.૩૫ ચો.મી. વણવહેંચાયેલો હિસ્સા સહિતની મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્તના માલીક **અમરસિંહ પરસોત્તમભાઈ રાઠોડ** ઠે. : બી/૩૬–૩૭, ચંદ્રમણી સોસાયટી, ગાયત્રી મંદિર, ભટાર, સુરતના છે. જેઓની તરફેણમાં સદર મીલકતનો રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૯૫૩/૨૦૧૦ (મુળ દસ્તાવેજ નં. ૧૭૬૭૩/૨૦૦૮)ના રોજ થયેલ છે અને સદર મીલકતને લગતા વેરા બીલ, સોસાયટીના દફતરે વગેરેમાં તેઓના નામ માલીક કબ્જેદાર તરીકે ચાલી આવેલ પણ છે. આવી હકીકતમાં સદર મીલકતના મજકુર માલીકે અમારા અસીલને સદર મીલકતના ટાઈટલ સંપુર્ણ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી વેચાણ આપવા નકકી કરેલ છે. જેના અનુસંધાને અમારા અસીલે કાયદેસર રીતે ચેક મારફતે પૈકી અવેજ ચુકવેલ છે અને લખાણ પણ કરેલ છે. પરંતુ તેમ છતાં સદર મીલકતનો દસ્તાવેજ કરતાં અગાઉ સરળતા માટે સદર મીલકતના વેચાણ અંગે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો કે હરકત હોય તો આ નોટીસ છપાયેથી દિન–૧૦માં અમારા અસીલ તર્ફે અમને લેખીતમાં ખબર આપવી અને તેવા હકની પુષ્ટિમાં જે કંઈ દસ્તાવેજી પુરાવાઓની નોટરી પબ્લિક પાસે પ્રમાણીત કરેલી નકલો અમારા અસીલ તરફે અમોને મોકલવી. મુદત વિત્યે કોઈનો કોઈ પણ પ્રકારનો વાંધો ચાલશે નહીંઅને વાંધો કે હરકત કે હકક હોય તો જતો કરેલાનું માનવામાં આવશે. તેવી હકીકતમાં સદર મીલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અમારા અસીલ કરાવી લેશે અને તેના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક પ્રત્યક્ષ કબ્જેદાર બનશે, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ :–603, Titaanium, Bhimrad Check Post, Bhimrad, Surat 17
ચેતન વી. કાપડીયા (ચલીયાવાલા)
તે ખરીદનારાના એડવોકેટ

ધી સુરત યાઈલ્ડ વેલ્ફેર સોસાયટી એન્ડ જીલ્લા પ્રોબેશન એન્ડ આફ્ટર કેર એસોસીએશન, સુરત

"વાર્ષિક સાધારણ સભા"

ધી સુરત યાઇલ્ડ વેલ્ફેર સોસાયટી એન્ડ ધી ડીસ્ટ્રીક્ટ પ્રોબેશન એન્ડ આફ્ટર કેર એસોસીએશન, સુરતની ૮૯મી વાર્ષિક સાધારણ સભા તા.૩૦/૧૧/૨૦૨૫ને રવિવારનાં રોજ સાંજે ૫:૦૦ કલાકે ઓબ્ઝર્વેશન હોમ, ઘોડ દોડ રોડ, સુરત ખાતે રાખવામાં આવી છે જેમા સર્વે સભ્યશ્રીઓએ હાજર રહેવા માટેની અનુકુળતા કરવા વિનંતી છે.

એજન્ડાઃ-
૧. ગઇ વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહી વાંચી મંજૂર કરવા બાબત.
૨. સને ૨૦૨૪-૨૦૨૫નાં ધી સુરત યાઇલ્ડ વેલ્ફેર સોસાયટી તથા ઓબ્ઝર્વેશન હોમ, સુરતનાં અહેવાલ તથા હિસાબો મંજુર કરવા બાબત.
૩. સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષ માટે સોસાયટીની કાર્યવાહક કમિટીની ચુંટણી કરવા બાબત.
૪. સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષ માટે સોસાયટીનાં (૧) પ્રમુખ (૨) ઉપપ્રમુખ (૩) માનદ્‌મંત્રી (૪) કોષાધ્યક્ષશ્રીની ચુંટણી કરવા બાબત.
૫. સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષ માટે ઓડિટરની નિમણુંક કરવા બાબત.
૬. સને ૨૦૨૫-૨૦૨૬નાં વર્ષ માટે ગુજરાત રાજ્ય પ્રોબેશન એન્ડ આફ્ટર કેર એસોસીએશનની વ્યવસ્થાપક સમિતિમાં સોસાયટીનાં પ્રતિનિધિની નિમણુંક કરવા બાબત.
૭. પ્રમુખશ્રીની રજાથી બીજા જે કામો થાય તે.....

શ્રી ભરતગર એન.ગોસાઈ
મંત્રી

સ્થળઃધી સુરત યાઇલ્ડ વેલ્ફેર સોસાયટી સંચાલિત ઓબ્ઝર્વેશન હોમ
બેંક ઓફ બરોડાની સામે, પાર્લે પોઇન્ટ, ઘોડ દોડ રોડ, સુરત.

નોંધઃ સંસ્થાનો અહેવાલ તથા મીટીંગનો એજન્ડા સંસ્થાના કાર્યાલયમાંથી મળી શકશે.

જાહેર ચેતવણી (પલસાણા)

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો-પલસાણાના **મોજે ગામ-પલસાણા**ની સીમમાં આવેલ **જુના સર્વે નં.૨૨૬, ૨૨૭** કે જેનો **નવો બ્લોક/ સર્વે નં.૧૮૮/અ** કે જેનું ક્ષેત્રફળ હે. ૦ ૯૧-૦૪ આરે યાને ૯૧૦૪ ચો.મી. જેનો **ખાતા નં.૨૩૬, આકાર રૂા.૯.૮૯ પૈસાવાળી** ખેતીની નોંધાયેલી જુનીશરતની ખેતીની જમીનના માલીકો અબ્દુલકૈયુમ સુલતાનભાઈ વિગેરેનાઓ ચાલી આવેલા છે, જેઓએ સદરહુ જમીનની વહીવટ, વ્યવસ્થા, સંચાલન કે વેચાણ કરવા માટે કોઈને કોઈપણ જાતનો પાવર આપેલ નથી કે સદરહુ જમીન કોઈને વેચાણ આપેલ નથી. જેથી જાહેર જનતાને સદર નોટીસથી ચેતવવામાં આવે છે કે, સદર જમીન બાબતે માલીકો સિવાય કોઈપણ ત્રાહિત ઈસમ કે કહેવાતા પાવરદાર યા સાટાખત હોલ્ડર સાથે કોઈપણ જાતના વેચાણ, વ્યવહાર કરવા-કરાવવાના નથી તેમ છતાં તેવા કોઈપણ જાતના કાર્યો સદરહુ જમીન બાબતે કરવામાં આવશે તો દિવાની તેમજ ફોજદારી રાહે તથા લેન્ડ ગ્રેબીંગ મુજબની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને સદર જમીન બાબતે કોઈપણ જાનતા માર્કેટેબલ ટાઈટલ કે કબજો મળશે નહીં. જેની આથી તમામ જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. આ નોટીસ મુળ જમીન માલિકો તરફથી જાહેર જનતાને ચેતવવા માટે આપવામાં આવેલ છે.

ઓફીસ : ૪૦૪-૪૦૫, સહજનંદ બિઝનેશ હબ, યોગી ચોક પાસે, વરાછા, સુરત. મો.નં. ૮૪૬૦૪-૬૬૬૬૬
મારી મારફત : ઋષીરાજ જે. શાસ્ત્રી
એડવોકેટ

મહેરબાન સુરતના એડી.સિનીયર સિવીલ જડજ સાહેબની કોર્ટમાં,

ગાઉન્ડ ફ્લોર, ફાસ્ટટ્રેક કોર્ટ બિલ્ડીંગ, સુરત જીલ્લા ન્યાયાલય, અઠવાલાઈન્સ, સુરત,

અરજદાર ::-વિરા તે વિરાફ ડુમસીયાની વિધવા, ઉ.આ.વ.૫૯, ધંધો : ઘરકામ, રહેવાસી : ૨/૪૭-બી, ગાઉન્ડ ફ્લોર, શેઠના એપાર્ટમેન્ટની પાછળ, રૂસ્તમપુરા, સુરત.

આંક : વારસા અરજી નં.૧૦૪ / ૨૦૨૫

-:: વિરૂધ્ધ ::-

સામાવાલા ::- કોઈ નથી.

આથી લાગતાં વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે ઉપરોક્ત અરજદાર વિરા તે વિરાફ ડુમસિયાની વિધવાએ મર્હુમ વિરાફ મરજબાન ડુમસીયાની નીચે જણાવેલ જંગમ મિલકતો અંગે વારસાઈ સર્ટીફીકેટ મેળવવા હાલની અરજી કરેલ છે.

Sr. No.	Share Certi No./Client ID No./ Folio No.	Company Name
	SHARE	
1	EQ. SHARE ISIN CODE NO.INE213J01012	CHEMCEL BIO-TECH LIMITED
2	EQ. SHARE ISIN CODE NO. INE347G01014	PETRONET LNG LIMITED
	BANK ACCOUNT	
3	ACCOUNT NO.3219793068	CENTRAL BANK OF INDIA
4	ACCOUNT NO.02511930009721	HDFC BANK
5	ACCOUNT NO.018104000054904	IDBI BANK

આ અરજી વિરૂધ્ધ જે કોઈને વાંધો હોય તો તેઓએ જાતે અથવા વકીલ મારફતે તા.૦૯/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર થઈ વાંધા રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો નામદાર કોર્ટ આ અરજી સાંભળી કાયદા મુજબ અરજીનો નિકાલ કરશે જેની નોંધ લેવી.

આજ તારીખ ૦૭ મી માર્હે નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ સહી તથા સિકકો કરી આપ્યા.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	કોર્ટનો સિકકો	હુકમથી
સહી/-	સહી/-		સહી/-
(વી.વી.ગોપાણી)	(એન.એમ.મકવાણા)		(આર.કે.પરમાર)
આસીસટન્ટ	સુપ્રિન્ટેન્ડન્ટ		રજીસ્ટ્રાર
ઓડી.સિની.સિવીલ કોર્ટ, સુરત	ઓડી.સિની.સિવીલ કોર્ટ, સુરત		ઓડી.સિની.સિવીલ કોર્ટ, સુરત

કાર્યપાલક ઇજનેર,પાણી પુરાવઠા (પીઆઇયુ/પીએમયુ) વિભાગ

જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૫-૨૬

રાજ્યના રાજ્યપાલ વતી કાર્યપાલક ઇજનેરની કચેરી, પાણી પુરાવઠા (પીઆઇયુ/પીએમયુ) વિભાગ ની કચેરી દ્વારા અંદાજીત રકમ રૂ.૧.૫૨ થી ૬.૨૯ લાખના કુલઃ-૪ કામો છે. જે માન્યશ્રેણી માં રજીસ્ટ્રેશન, ધરાવતા માન્ય ઈજારદારશ્રી ઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ દ્વારા ટેન્ડરો મંગાવવામાં આવે છે. આ કામોની ડોકુયુમેંટ વેબસાઈટ www.nwr.nprocure.com તેમજ www.statetendar.com ઉપર તા.૧૪/૧૧/૨૦૨૫ થી તા.૨૮/૧૧/૨૦૨૫ સમય ૧૮.૦૦કલાક સુધી ઉપલબ્ધ રહેશે.

કાર્યપાલક ઇજનેર
પાણી પુરાવઠા (PIU/PMU) વિભાગ
જિલ્લા પંચાયત આહવા

ક્રમાંકઃ માહિતી/ડાંગ/૧૭૦/૨૦૨૫

ધરમપુર નગરપાલિકા

જાહેર નિવિદા -૧૬/૨૦૨૫-૨૬

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, ધરમપુર નગરપાલિકા વિસ્તારમાં નગરપાલિકાની માલિકીની / કબ્જા હેઠળની આવેલ મિલ્કતો ના ફરતે તાર ફેન્સીંગ કરવાનું જે બાબતે સ્થળ સ્થિતિનું નિરીક્ષણ કરી જે અંગેના ૧ રનીંગ મીટરના તમામ ટેક્ષ સહીતના ભાવો આપના લેટર પેડ ઉપર સીલબંધ કવરમાં રજીસ્ટરએડી / કુરીયર થી જાહેરાત પ્રસિધ્ધ થયાના દિન-૦૭ માં મોકલવા તથા ધરમપુર નગરપાલિકાના નામનો રૂા. ૫૦૦૦/- નો ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલવાના રહેશે. વધુ વિગત માટે ધરમપુર નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો. ભાવો મંજુર યા નામંજુર કરવાનો અધિકાર ધરમપુર નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફીસર — **પ્રમુખ**
ધરમપુર નગરપાલિકા — **ધરમપુર નગરપાલિકા**
ન. માહિતી/વલસાડ/૬૩૧/૨૦૨૫

બૈંક ઑફ બડૌદા Bank of Baroda

કબીલપોર ટાઉન શાખા : ગ્રામ પંચાયત ઓફિસ પાસે, કબીલપોર બજાર, કબીલપોર– ૩૯૬૪૨૪, નવસારી, ગુજરાત
email : dbkabi@bankofbaroda.com

પરિશિષ્ટિ ૪ [જુઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

નીચે સહી કરનાર **બૈંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના સાથે વંચાણે લઈ **તા.૧૩.૦૮.૨૦૨૫** ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદારો/ગીરવેદારો **શ્રી દિપક સુભાષ પાટીલ અને શ્રીમતી ઉષાબેન સુભાષભાઈ પાટીલ** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૬,૩૮,૦૨૩.૫૯ (અંકે રૂા. સોળ લાખ આડત્રીસ હજાર ત્રેવીસ અને ઓગણસાઈઠ પૈસા પુરા) તા.૦૯.૦૮.૨૦૨૫ ના રોજના (તા. ૦૯.૦૮.૨૦૨૫ થી વ્યાજ સહિત)** અને તેના ઉપરના વધારાના વ્યાજ અને ખર્ચાઓ સહિત આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદારો/ગીરવેદારો આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદારો/ગીરવેદારો અને જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩(૪) ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૧૧મી નવેમ્બર ૨૦૨૫** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારો/ગીરવેદારો અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૈંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૬,૩૮,૦૨૩.૫૯ (અંકે રૂા. સોળ લાખ આડત્રીસ હજાર ત્રેવીસ અને ઓગણસાઈઠ પૈસા પુરા) તા.૦૯.૦૮.૨૦૨૫ ના રોજના (તા. ૦૯.૦૮.૨૦૨૫ થી વ્યાજ સહિત)** અને તેના ઉપરના વધારાનું વ્યાજ અને સહિત સંપૂર્ણ ચુકવણી સુધીના ને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી બિન ખેતી જમીન રે.સ. નં. ૧૧૦/૧/૧/૧ પૈકી પ્લોટ નં. ૪૮/૧૯ (સીટી સર્વે ટીકા નં. એનએ–૯૯